# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગઅમદાવાદ ,આકાશવાણી ,

**Date: 09-01-2025 Day: Thursday Evening: 6.25 to 6.30pm**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## <u>પ્રવાસી ભારતીય દિવસ-પીએમ:</u>

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રનાં દૂત તરીકે સેવા કરવા બદલ વિદેશમાં વસતા ભારતીયોની પ્રશંસા કરી છે. આજે ઓડિશનાં ભુવનેશ્વરમાં 18મા પ્રવાસી ભારતીય દિવસ સંમેલનનું ઉદઘાટન કરતા શ્રી મોદીએ જણાવ્યું કે તેઓ હંમેશા ભારતીય સમુદાયને ભારતનાં દૂત તરીકે માને છે.**

**આ નિમિત્તે માંડવી થી મસ્કત નામનું પ્રદર્શન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ખુલ્લું મુક્યું હતું. આ અંગે સાંભળીયે એક અહેવાલ....**

**(વોઈસ કાસ્ટ અશરફ નથવાણી)**

***૧૮મું 'પ્રવાસી ભારતીય દિવસ સંમેલન ' ઓડિશાના ભુવનેશ્વર ખાતે ચાલી રહ્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ નિમિત્તે ચાર પ્રદર્શનોનું ઉદ્ઘાટન કર્યું , જે પૈકીના એક પ્રદર્શનનું નામ છે - "માંડવી થી મસ્કત. " આ પ્રદર્શનમાં કચ્છના માંડવીથી મસ્કત-ઓમાન સ્થળાંતરિત થયેલા ભારતીય પ્રવાસીઓના ફેલાવા, વિકાસ સહિતના દુર્લભ ડોક્યુમેન્ટ સાથેની ગાથા રજૂ કરાઇ છે.***

***મસ્કતમાં 45 વર્ષ સુધી વસવાટ કરનાર મૂળ માંડવી કચ્છના ચંદ્રકાંત ચોથાણી જેઓ ઇંડિયન સોશિયલ ક્લબ ઓમાનની ગુજરાતી પાંખ- "મસ્કત ગુજરાતી સમાજ" ના ઉપ પ્રમુખ છે, તેમણે "માંડવી થી મસ્કત" નામથી યોજાયેલા આ પ્રદર્શનને ગૌરવની ક્ષણ ગણાવી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો આભાર માન્યો છે.***

***(બાઇટ ચંદ્રકાંત ચોથાણી, ઉપપ્રમુખ-મસ્કત ગુજરાતી સમાજ)***

***અત્રે ઉલ્લેખનીય છે કે , મસ્કતમાં વસતા મૂળ માંડવીના અનેક અગ્રણી વેપારીઓ-ઉદ્યોગપતિઓ પોતાના વતન સાથેનો સંબંધ સતત જાળવી રાખ્યો છે***

*અને વિવિધ સેવાભાવી સંસ્થાઓ મારફતે તેઓ અવિરત વતનની સેવા કરી કરી રહ્યા છે.*

*અશરફ નથવાણી આકાશવાણી ભુજ*

---

## ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ:

**ગાંધીનગરમાં આજે ગ્લૉબલ પાટીદાર બિઝનેસ સમિટ 2025નો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે , "ધંધા અને રોજગાર માટે જેટલું આગળ વધી શકાય તેટલું આપણે વધવાની તૈયારી છે. ધંધા-રોજગાર માટે વીજળી અને પાણીની સૌથી વધુ જરૂરિયાત હોય છે. આ બંને માટે સરકાર સંપૂર્ણ રીતે તૈયાર છે."**

**આ પ્રસંગે ઉપસ્થિત કેન્દ્રીય મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયાએ જણાવ્યું કે , 156થી વધુ દેશની અર્થવ્યવસ્થામાં પાટીદારો યોગદાન આપી રહ્યા છે.**

---

## યોગાસન સ્પર્ધા-૨૦૨૫:

**ગુજરાત યોગ બૉર્ડ દ્વારા આગામી સમયમાં યોગાસન સ્પર્ધા 2025નું આયોજન કરાયું છે. સ્પર્ધા માટે ઉમેદવારો 15 જાન્યુઆરી સુધી WWW.GSYB.IN વેબસાઈટ પર ઑનલાઈન નોંધણી કરાવી શકશે. જિલ્લા , ઝોન અને રાજ્યકક્ષાએ યોજાનારી આ સ્પર્ધા માટે 20થી 25 જાન્યુઆરી દરમિયાન ઑડિશન લેવાશે. સ્પર્ધામાં જીતનારા ખેલાડીને ઈનામો સાથે ડિજિટલ પ્રમાણપત્ર એનાયત કરાશે એમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.**

---

## ગાંધીધામ-ભાગલપુર ટ્રેન રદ્દ:

**ઉત્તર ભારતમાં હાલ ભારે ધુમ્મસની સ્થિતિ નાં કારણે વિવિધ ટ્રેનો પ્રભાવિત થઇ છે. પશ્ચિમ રેલવે દ્વારા ગાંધીધામ-ભાગલપુર-ગાંધીધામ સાપ્તાહિક ટ્રેન આવતીકાલથી 24 ફેબ્રુઆરી સુધી રદ કરાઈ છે.**

---

## બિદડા-તલવાણા પોષણ ઉત્સવ:

તલવાણા સેજાના બિદડા ગામમાં બી.બી.એમ હાઇસ્કૂલ ખાતે સેજા કક્ષાનો પોષણ ઉત્સવ કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય આઈસીડીએસ વિભાગ દ્વારા પૂરક પોષણ યોજના અંતર્ગત ટેકહોમ રાશનમાંથી બનતી વિવિધ વાનગીઓના પોષક તત્વો અંગે જાણકારી, ઉપયોગ અને પ્રોત્સાહન મળે તેમજ વિસરતા જતા ધાન્યો શ્રીઅન્ન વિષે તેમજ સરગવાના ગુણો વિષે જાગૃતતા ફેલાય તે હતો. લાભાર્થી બહેનો દ્વારા બાલશક્તિ, માતૃશક્તિ, પૂર્ણાશક્તિ તથા મિલેટસ અને સરગવામાંથી અલગ અલગ પ્રકારની ૧૦૦ જેટલી પૌષ્ટિક વાનગીઓ રજૂ કરવામાં આવી હતી.

પોષણ ઉત્સવ અંતર્ગત પોષણ રંગોળી દોરવામાં આવી હતી. વધુમાં વધુમાં લોકો સુધી ત્રિશક્તિ રેસિપી બુક મળે તે માટે શ્રી શક્તિ રેસિપી બુકનું સ્કેનર બનાવી લગાડવામાં આવતા મહત્તમ લોકોએ તેનો લાભ લીધો હતો. બિદડા ગામના લાભાર્થીઓ અને વાલીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

--------------------------------------------------------------------------------------------------------

## હવામાન:

જીલ્લામાં ઠારનું સામ્રાજ્ય યથાવત રહ્યું છે. આજે લઘુત્તમ તાપમાનમાં સામાન્ય વધારો થયો છે. નલિયામાં લઘુત્તમ તાપમાન ૫.૬ ડિગ્રી , જિલ્લા મથક ભુજમાં ૧૦.૪ અને કંડલા એરપોર્ટમાં ૬.૫ ડિગ્રી લધુતમ તાપમાન નોંધાયું હતું.

અબડાસા, લખપત, ખાવડા, અને નખત્રાણા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં લોકો ઠેર ઠેર તાપણા કરી ઠંડી થી રાહત મેળવી રહ્યા છે.

--------------------------------------------------------------------------------------------------------